ખૂબ અગત્યનું

ક્રમાંક:મઉમશબ/પરીક્ષા વિભાગ/વિ.પ્ર/૨૦૨૧/ 321
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૯/૦૬/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ,
ગુજરાત રાજય.

વિષય :- ધોરણ-૧૨ ના પરિણામ તૈયાર કરવા માટે ધોરણ-૧૦ NIOS, CBSE અને GSHSEB થી પાસ થયેલ ઉમેદવારોના વિષયો અને ગુણ ગણતરી માટેની સમજ બાબત.

સંદર્ભ :- અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/વિજ્ઞાન પ્રવાહ/૨૦૨૧/૧૯૭ તા.૧૯/૦૬/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભ પત્રથી ધોરણ-૧૨ ના પરિણામ તૈયાર કરવા માટેની વિગતવાર સુચનાઓ આપવામાં આવેલ હતી તેમજ તા.૨૩/૦૬/૨૦૨૧ ના રોજ બાયસેગના માધ્યમથી તમામ શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફને પરિણામ તૈયાર કરવા માટે તાલીમ આપવામાં આવેલ હતી. પરિણામ તૈયાર કરવાની પ્રક્રિયા દરમિયાન કેટલીક શાળાઓ મારફતે National Institution of Open Schooling થી ધોરણ-૧૦ પાસ થયેલ ઉમેદવારોના વિષયો અને ધોરણ-૧૨ ના વિષયોના ગુણ માટેની નીતિ સંદર્ભે વિષયોની વિસંગતતા માટે પ્રશ્નો ઉદભવેલ તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-૧૦ માં રીપીટર ઉમેદવારોના બે જુદા જુદા ગુણપત્રકોમાં ૭૦ ગુણ અને ૧૦૦ ગુણની પરીક્ષાના સંદર્ભે ગુણની ગણતરી કેવી રીતે કરવી ? જેવા પ્રશ્નો ઉદભવેલ જેના ઉપાય તરીકે આ સાથે ધોરણ-૧૨ ના પરિણામ તૈયાર કરવા માટે પૂરક સમજુતી આપવામાં આવેલ છે. જે ધ્યાને લઈ આપના તાબા હેઠળની શાળાઓના આચાર્યશ્રીઓને જાણ કરશો.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

15
29/6

બિડાણ :-

- ધોરણ-૧૨ ના પરિણામ તૈયાર કરવા માટેની પૂરક સમજુતી અંગેની માર્ગદર્શિકા

પરિપત્ર નં. 723

ક્રમાંક:પરક્ષ/પરીણામ/૨૦૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૩૦/૦૬/૨૦૨૧

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિમ અને ઉ.મા.શાળાઓ તમામ
જિ-અમરેલી

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ધોરણ-૧૨ ના પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગી વિગતો :-

**[A] National Institution of Open Schooling ના જુદા જુદા વિષયના સૈદ્ધાંતિક, પ્રાયોગિક અને TMA [Tutor Marked Assignment (Internal Assessment)] ની સમજૂતી :-**

- NIOS દ્વારા આપવામાં આવતા વિવિધ ગુણપત્રકો અને NIOS ની માર્ગદર્શિકા ધ્યાને લેતા જુદા જુદા વિષયોમાં સૈદ્ધાંતિક, પ્રાયોગિક અને આંતરિક મૂલ્યાંકનની જોગવાઈ દરેક વિષયોમાં અલગ-અલગ છે.

- NIOS ની માર્ગદર્શિકાના આધારે નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ NIOS ની ગુણાંકન પધ્ધતિમાં વિષયવાર વિવિધતા જોવા મળેલ છે.

- NIOS ની ગુણાંકન પધ્ધતિ જોતા અંગ્રેજી (૨૦૨), સામાજિક વિજ્ઞાન (૨૧૩), ગુજરાતી (૨૦૭), હિન્દી (૨૦૧) વિષયોના મૂલ્યાંકન માટે સૈદ્ધાંતિક પરીક્ષાના ૮૦ ગુણ અને TMA (આંતરિક મૂલ્યાંકન) ના ૨૦ ગુણ ધ્યાને લઈ કુલ ગુણ ૧૦૦ માંથી મૂલ્યાંકન કરવામાં આવે છે.

- NIOS ની ગુણાંકન પધ્ધતિ જોતા ગણિત (૨૧૧), વિજ્ઞાન અને ટેકનોલોજી (૨૧૨) અને હોમ સાયન્સ (૨૧૬) વિષયોના મૂલ્યાંકન માટે સૈદ્ધાંતિક પરીક્ષાના ૬૮ ગુણ, પ્રાયોગિક પરીક્ષાના ૧૭ ગુણ અને TMA (આંતરિક મૂલ્યાંકન) ના ૧૫ ગુણ ધ્યાને લઈ કુલ ગુણ ૧૦૦ માંથી મૂલ્યાંકન કરવામાં આવે છે.

- NIOS ની ગુણાંકન પધ્ધતિ જોતા પેઈન્ટીંગ (૨૨૫) વિષયના મૂલ્યાંકન માટે સૈદ્ધાંતિક પરીક્ષાના ૨૪ ગુણ, પ્રાયોગિક પરીક્ષાના ૭૦ ગુણ અને TMA (આંતરિક મૂલ્યાંકન) ના ૦૬ ગુણ ધ્યાને લઈ કુલ ગુણ ૧૦૦ માંથી મૂલ્યાંકન કરવામાં આવે છે.

- NIOS ની ગુણાંકન પધ્ધતિ જોતા ડેટા એન્ટ્રી ઓપરેટર (૨૨૯) વિષયના મૂલ્યાંકન માટે સૈદ્ધાંતિક પરીક્ષાના ૩૨ ગુણ, પ્રાયોગિક પરીક્ષાના ૬૦ ગુણ અને TMA (આંતરિક મૂલ્યાંકન) ના ૦૮ ગુણ ધ્યાને લઈ કુલ ગુણ ૧૦૦ માંથી મૂલ્યાંકન કરવામાં આવે છે.

- TMA [Tutor Marked Assignment (Internal Assessment)] ના ગુણ દર્શાવેલા હોય તેવા વિષયમાં સૈદ્ધાંતિક ગુણ અને TMA ના ગુણનું પ્રમાણ ૮૦:૨૦ નું નિયત થયેલ છે. એટલેકે જો

પ્રાયોગિક પાસુ હોય તો તે માટે NIOS ની ગાઈડલાઈનમાં Table-8: Certification Criteria ધ્યાને લઈને નીચેના પત્રક-અ મુજબ ગુણાંકન પધ્ધતિ દર્શાવવામાં આવેલ છે.

- બોર્ડને NIOS ના ધોરણ-૧૦ પાસ ઉમેદવારોની અત્યાર સુધી મળેલ રજૂઆતો ધ્યાને લેતા જેટલા વિષયો ધ્યાને આવેલ છે. તેટલા વિષયો માટે નીચેના પત્રક-અ મુજબ NIOS ની ગુણાંકન પધ્ધતિ અમલી છે.

પત્રક - અ

| ક્રમ | વિષયનું નામ અને કોડ | NIOS ની ગુણાંકન પધ્ધતિ | | | |
|---|---|---|---|---|---|
| | | સૈદ્ધાતિક પરીક્ષાના મહત્તમ ગુણ | પ્રાયોગિક પરીક્ષાના મહત્તમ ગુણ | TMA ના મહત્તમ ગુણ | કુલ ગુણ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અંગ્રેજી (૨૦૨) | ૮૦ | XX | ૨૦ | ૧૦૦ |
| ૨ | ગણિત (૨૧૧) | ૬૮ | ૧૭ | ૧૫ | ૧૦૦ |
| ૩ | પેઈન્ટીંગ (૨૨૫) | ૨૪ | ૭૦ | ૦૬ | ૧૦૦ |
| ૪ | ડેટા એન્ટ્રી ઓપરેટર (૨૨૯) | ૩૨ | ૬૦ | ૦૮ | ૧૦૦ |
| ૫ | વિજ્ઞાન અને ટેકનોલોજી (૨૧૨) | ૬૮ | ૧૭ | ૧૫ | ૧૦૦ |
| ૬ | સામાજિક વિજ્ઞાન (૨૧૩) | ૮૦ | XX | ૨૦ | ૧૦૦ |
| ૭ | ગુજરાતી (૨૦૭) | ૮૦ | XX | ૨૦ | ૧૦૦ |
| ૮ | હિન્દી (૨૦૧) | ૮૦ | XX | ૨૦ | ૧૦૦ |
| ૯ | હોમ સાયન્સ (૨૧૬) | ૬૮ | ૧૭ | ૧૫ | ૧૦૦ |

## [B] NIOS માંથી ધોરણ-૧૦ ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓના ગુણને ધોરણ-૧૨ ના પરિણામ તૈયાર કરવા માટે ગણતરી કરવાની સમજ :-

- NIOS ના ધોરણ-૧૦ ના ગુણપત્રક ધ્યાને લેતા સૈદ્ધાતિક પરીક્ષાના ગુણ દરેક વિષયોમાં જુદા જુદા છે.

- NIOS ના ધોરણ-૧૦ ના ગુણપત્રકમાં ઉપર દર્શાવેલ પત્રક-અ માં કોલમ-૩ મુજબ મહત્તમ સૈદ્ધાતિક પરીક્ષાના ગુણ દર્શાવેલ છે.

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા સૈદ્ધાતિક પરીક્ષા ૭૦ ગુણની લેવામાં આવે છે. જેથી ઉપરોક્ત NIOS ના વિષયવાર સૈદ્ધાતિક પરીક્ષાના ગુણને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના માળખા મુજબ standardize (માનાંક) કરવા જરૂરી હોય તે ગુણને ૭૦ ગુણમાં રૂપાંતરિત કરવાના થાય.

<u>દા.ત - (૧) :-</u>

અંગ્રેજી (૨૦૨) માં ઉમેદવારે ૮૦ ગુણની સૈદ્ધાતિક પરીક્ષામાંથી ૩૭ ગુણ મેળવેલ છે. જેને GSHSEB બોર્ડ મુજબ ૭૦ ગુણમાં ફેરવતાં (૭૦*૩૭/૮૦=૩૨.૩૭) ઉક્ત ૩૨.૩૭ ગુણને ક્રમ-A મુજબ ૫૦ ગુણ માટે રૂપાંતરિત કરતાં (૩૨.૩૭*૫૦/૭૦=૨૩.૧૨) ૨૩.૧૨ થાય. ૨૩.૧૨ ગુણને પૂર્ણાંકમાં ફેરવતાં <u>૨૩ ગુણ</u> મળવાપાત્ર થશે.

<u>(ઉપર મુજબ સામાજિક વિજ્ઞાન (૨૧૩), ગુજરાતી (૨૦૭) અને હિન્દી (૨૦૧) જેવા વિષયો કે જેમાં ૮૦ ગુણ સૈદ્ધાતિક ગુણ તરીકે હોય તેની ગણતરી કરવાની રહેશે.)</u>

<u>દા.ત - (૨) :-</u>

વિજ્ઞાન અને ટેકનોલોજી (૨૧૨) માં ઉમેદવારે ૬૮ ગુણની સૈદ્ધાતિક પરીક્ષામાંથી ૪૩ ગુણ મેળવેલ છે. જેને GSHSEB બોર્ડ મુજબ ૭૦ ગુણમાં ફેરવતાં (૭૦*૪૩/૬૮=૪૪.૨૬) ઉક્ત ૪૪.૨૬ ગુણને ક્રમ-A મુજબ ૫૦ ગુણ માટે રૂપાંતરિત કરતાં (૪૪.૨૬*૫૦/૭૦=૩૧.૬૧) ૩૧.૬૧ થાય. ૩૧.૬૧ ગુણને પૂર્ણાંકમાં ફેરવતાં <u>૩૨ ગુણ</u> મળવાપાત્ર થશે.

<u>દા.ત - (3) :-</u>

પેઈન્ટીંગ (૨૨૫) માં ઉમેદવારે ૨૪ ગુણની સૈદ્ધાતિક પરીક્ષામાંથી ૧૨ ગુણ મેળવેલ છે. જેને GSHSEB બોર્ડ મુજબ ૭૦ ગુણમાં ફેરવતાં (૭૦*૧૨/૨૪=૩૫) ઉક્ત ૩૫ ગુણને ક્રમ-A મુજબ ૫૦ ગુણ માટે રૂપાંતરિત કરતાં (૩૫*૫૦/૭૦=૨૫) <u>૨૫ ગુણ</u> મળવાપાત્ર થશે.

<u>દા.ત - (૪) :-</u>

ડેટા એન્ટ્રી ઓપરેટર (૨૨૯) માં ઉમેદવારે ૩૨ ગુણની સૈદ્ધાતિક પરીક્ષામાંથી ૧૪ ગુણ મેળવેલ છે. જેને GSHSEB બોર્ડ મુજબ ૭૦ ગુણમાં ફેરવતાં (૭૦*૧૪/૩૨=30.૬૨) ઉક્ત 30.૬૨ ગુણને ક્રમ-A મુજબ ૫૦ ગુણ માટે રૂપાંતરિત કરતાં (30.૬૨*૫૦/૭૦=૨૧.૮૭) ૨૧.૮૭ ગુણને પૂર્ણાંકમાં ફેરવતાં <u>૨૨ ગુણ</u> મળવાપાત્ર થશે.

**[C] NIOS ના ધોરણ-૧૦ ના ગુણપત્રકમાં ત્રીજી ભાષા ન હોય તેવા કિસ્સામાં ધોરણ-૧૨ માટેના વિષયોના જૂથ માટેની ગણતરી કરવાની સમજ :-**

| कोड CODE | विषय SUBJECT | अधिकतम अंक MAX MARKS | प्राप्तांक MARKS OBTAINED — अंकों में IN FIGURES: सैद्धांतिक Theory | प्रायोगिक Practical | टीएमए TMA | कुल Total | कुल योग (शब्दों में) TOTAL IN WORDS | ग्रेड Grade |
|---|---|---|---|---|---|---|---|---|
| 202 | ENGLISH | 100 | 45 | XX | 18 | 63 P | SIXTY-THREE | D |
| 212 | SCIENCE & TECHNOLOGY | 100 | 51 | 12 | 16 | 79 P | SEVENTY-NINE | C |
| 229 | DATA ENTRY OPERATIONS | 100 | 20 | 52 | 07 | 79 P | SEVENTY-NINE | C |
| 211 | MATHEMATICS | 100 | 45 | 13 | 16 | 74 P | SEVENTY-FOUR | C |
| 213 | SOCIAL SCIENCE | 100 | 51 | XX | 18 | 69 P | SIXTY-NINE | D |
| 207 | GUJRATI | 100 | 36 | XX | 19 | 55 P | FIFTY-FIVE | E |
| | | | TOTAL = 419 | | | FOUR HUNDRED NINETEEN | | |

परिणाम Result PASS

| ક્રમ | ધોરણ-૧૨ ના વિષયનું નામ અને કોડ નંબર | ધોરણ-૧૨ નો જૂથ નંબર | ધોરણ-૧૦ ના વિષયનું નામ અને કોડ નંબર | ધોરણ-૧૦ ના વિષયમાં સૈદ્ધાતિક ગુણમાંથી મેળવેલ ગુણ (૮૦/૬૮/૩૨/૨૪) | GSHSEB બોર્ડ મુજબ ૭૦ ગુણમાં રૂપાંતરિત કરતાં મળવાપાત્ર ગુણ | ધોરણ-૧૨ માટે ૫૦ ગુણનું મૂલ્યાંકન |
|---|---|---|---|---|---|---|
| ૧ | અંગ્રેજી (૦૧૩) | જૂથ-૦૧ | અંગ્રેજી (૨૦૨) | ૪૫/૮૦ | ૭૦*૪૫/૮૦ =૩૯.૩૭ | (૩૯.૩૭*૫૦/૭૦ =૨૮.૧૨) ૨૮.૧૨ ને પૂર્ણાંકમાં રૂપાંતરિત કરતાં <u>૨૮ ગુણ</u> મળે |
| ૨ | ગુજરાતી (૦૦૧) | જૂથ-૦૨ | ગુજરાતી (૨૦૭) | ૩૬/૮૦ | ૭૦*૩૬/૮૦ =૩૧.૫૦ | (૩૧.૫૦*૫૦/૭૦ =૨૨.૫૦) ૨૨.૫૦ ને પૂર્ણાંકમાં રૂપાંતરિત કરતાં <u>૨૩ ગુણ</u> મળે |
| 3 | મનોવિજ્ઞાન (૧૪૧) | જૂથ-03 | સામાજિક વિજ્ઞાન (૨૧૩) અને અંગ્રેજી (૨૦૨) ના સરેરાશ ગુણ | સામાજિક વિજ્ઞાન (૨૧૩) માં મેળવેલ ગુણ ૫૧/૮૦ અને અંગ્રેજી (૨૦૨) માં મેળવેલ ગુણ ૪૫/૮૦ | સામાજિક વિજ્ઞાનમાં ૭૦*૫૧/૮૦ =૪૪.૬૨ અને અંગ્રેજીમાં ૭૦*૪૫/૮૦ =૩૯.૩૭ ઉક્ત બંને વિષયની સરેરાશ ૪૪.૬૨+૩૯.૩૭ =૮૩.૯૯/૨ =૪૧.૯૯ | (૪૧.૯૯*૫૦/૭૦ =૨૯.૯૯) ૨૯.૯૯ ને પૂર્ણાંકમાં રૂપાંતરિત કરતાં <u>૩૦ ગુણ</u> મળે |
| ૪ | સંસ્કૃત (૧૨૯) | જૂથ-03 | | | | |

| ક્રમ | ધોરણ-૧૨ ના વિષયનું નામ અને કોડ નંબર | ધોરણ-૧૨ નો જૂથ નંબર | ધોરણ-૧૦ ના વિષયનું નામ અને કોડ નંબર | ધોરણ-૧૦ ના વિષયમાં સૈદ્ધાતિક ગુણમાંથી મેળવેલ ગુણ (૮૦/૬૮/૩૨/૨૪) | GSHSEB બોર્ડ મુજબ ૭૦ ગુણમાં રૂપાંતરિત કરતાં મળવાપાત્ર ગુણ | ધોરણ-૧૨ માટે ૫૦ ગુણનું મૂલ્યાંકન |
|---|---|---|---|---|---|---|
| ૫ | ઈતિહાસ (૦૨૯) | જૂથ-૦૪ | સામાજિક વિજ્ઞાન (૨૧૩), વિજ્ઞાન (૨૧૨) અને ગુજરાતી (૨૦૭) ના સરેરાશ ગુણ | સામાજિક વિજ્ઞાન (૨૧૩) માં મેળવેલ ગુણ ૫૧/૮૦, વિજ્ઞાન અને ટેકનોલોજી (૨૧૨) માં મેળવેલ ગુણ ૫૧/૬૮ અને ગુજરાતી (૨૦૭) માં મેળવેલ ગુણ ૩૬/૮૦ | સામાજિક વિજ્ઞાનમાં ૭૦*૫૧/૮૦ =૪૪.૬૨ અને વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ૭૦*૫૧/૬૮ =૫૨.૫૦ અને ગુજરાતીમાં ૭૦*૩૬/૮૦ =૩૧.૫૦ ૪૪.૬૨+૫૨.૫૦+૩૧.૫૦ =૧૨૮.૬૨/3 =૪૨.૮૭ | (૪૨.૮૭*૫૦/૭૦ =૩૦.૬૨) ૩૦.૬૨ ને પૂર્ણાંકમાં રૂપાંતરિત કરતાં <u>૩૧ ગુણ</u> મળે |
| ૬ | સમાજશાસ્ત્ર (૧૩૯) | જૂથ-૦૪ | | | | |
| ૭ | તત્વજ્ઞાન (૧૩૬) | જૂથ-૦૪ | | | | |

- ઉપરના ઉદાહરણ જોતાં વિદ્યાર્થી ગુજરાતી માધ્યમનો છે. જેથી પ્રથમ ભાષા તરીકે ગુજરાતી (૨૦૭) અને અંગ્રેજી (૨૦૨) ને બીજી અને ત્રીજી ભાષા તરીકે ધ્યાને લેવાની રહેશે.

**[D] <u>NIOS ના ધોરણ-૧૦ ના ગુણપત્રકમાં ત્રીજી ભાષા ન હોય તેમજ સામાજિક વિજ્ઞાન ન હોય તેવા કિસ્સામાં ધોરણ-૧૨ માટેના વિષયોના જૂથ માટેની ગણતરી કરવાની સમજ :-</u>**

| CODE | SUBJECT | MAX MARKS | MARKS OBTAINED IN FIGURES Theory | Practical | TMA | Total | TOTAL IN WORDS | |
|---|---|---|---|---|---|---|---|---|
| 07 | GUJARATI | 100 | 038 | XXX | 016 | 054 P | FIFTY FOUR | E |
| 29 | DATA ENTRY OPER | 100 | 023 | 048 | 007 | 078 P | SEVENTY EIGHT | C |
| 25 | PAINTING | 100 | 010 | 048 | 005 | 063 P | SIXTY THREE | D |
| 11 | MATHS | 100 | 032 | 012 | 016 | 060 P | SIXTY | E |
| 02 | ENGLISH | 100 | 035 | XXX | 017 | 052 P | FIFTY TWO | E |
| 12 | SCIENCE & TECH. | 100 | 021 | 013 | 016 | 050 P | FIFTY | F |
| | TOTAL | 357 | THREE HUNDRED & FIFTY SEVEN | | | | | |

Enrolled from : GUJRAT     Result PASS

| ક્રમ | ધોરણ-૧૨ ના વિષયનું નામ અને કોડ નંબર | ધોરણ-૧૨ નો જૂથ નંબર | ધોરણ-૧૦ ના વિષયનું નામ અને કોડ નંબર |
|---|---|---|---|
| ૧ | અંગ્રેજી (૦૧૩) | જુથ-૦૧ | અંગ્રેજી (૨૦૨) |
| ૨ | ગુજરાતી (૦૦૧) | જૂથ-૦૨ | ગુજરાતી (૨૦૭) |
| ૩ | મનોવિજ્ઞાન (૧૪૧) | જૂથ-૦૩ | વિજ્ઞાન અને ટેકનોલોજી (૨૧૨) અને અંગ્રેજી (૨૦૨) ના સરેરાશ ગુણ |
| ૪ | સંસ્કૃત (૧૨૯) | જૂથ-૦૩ | |
| ૫ | ઈતિહાસ (૦૨૯) | જૂથ-૦૪ | વિજ્ઞાન અને ટેકનોલોજી (૨૧૨), વિજ્ઞાન અને ટેકનોલોજી (૨૧૨) અને ગુજરાતી (૨૦૭) ના સરેરાશ ગુણ |
| ૬ | સમાજશાસ્ત્ર (૧૩૯) | જૂથ-૦૪ | |
| ૭ | તત્વજ્ઞાન (૧૩૬) | જૂથ-૦૪ | |

નોંધ :-

- NIOS ના ગુણપત્રકમાં ત્રીજી ભાષા નથી અને સામાજિક વિજ્ઞાન પણ નથી તેવા કિસ્સામાં અંગ્રેજી (૨૦૨) ને બીજી અને ત્રીજી ભાષા તરીકે ગણવાની રહેશે તેમજ સામાજિક વિજ્ઞાનના બદલામાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયને ધ્યાને લેવાના રહેશે. જેથી જૂથ-૦૩ માં સામાજિક વિજ્ઞાનના બદલે વિજ્ઞાન અને ટેકનોલોજીના ગુણ અને જુથ-૦૪ માં સામાજિક વિજ્ઞાનના બદલે વિજ્ઞાન અને ટેકનોલોજીના ગુણ બે (૦૨) વાર ગણતરીમાં લેવાના રહેશે.

## [E] NIOS ના ગુણપત્રકમાં TMA (આંતરિક મૂલ્યાંકન) સિવાય ૧૦૦ ગુણની પરીક્ષાના ગુણને ૭૦ ગુણમાં રૂપાંતરિત કરવા માટેની ગણતરી કરવાની સમજ :-

માર્ચ-૨૦૧૧ ની પરીક્ષાનું ગુણપત્રક :-

| कोड CODE | विषय SUBJECT | अधिकतम अंक MAX MARKS | प्राप्तांक MARKS OBTAINED: अंकों में IN FIGURES — सैद्धांतिक Theory | प्रायोगिक Practical | टीएमए TMA | कुल Total | कुल योग (शब्दों में) TOTAL IN WORDS | ग्रेड Grade |
|---|---|---|---|---|---|---|---|---|
| 201 | HINDI | 100 | 57 | XX | - | 57 P | FIFTY-SEVEN | E |
| 229 | DATA ENTRY OPERATIONS | 100 | 22 | 40 | - | 62 P | SIXTY-TWO | D |
| 202 | ENGLISH | 100 | 50 | XX | - | 50 P | FIFTY | F |
| 216 | HOME SCIENCE (Sci & Tech) | 100 | 29 | 10 | - | 39 P | THIRTY-NINE | G |
| 213 | SOCIAL SCIENCE (Soci-sci) | 100 | 33 | XX | - | 33 P | THIRTY-THREE | G |
| | | | TOTAL = 241 | | | | TWO HUNDRED FORTY-ONE | |

परिणाम Result PASS

| ક્રમ | ધોરણ-૧૨ ના વિષયનું નામ અને કોડ નંબર | ધોરણ-૧૨ નો જૂથ નંબર | ધોરણ-૧૦ ના વિષયનું નામ અને કોડ નંબર | NIOS ના ધોરણ-૧૦ ના વિષયમાં સૈદ્ધાતિક ગુણમાંથી મેળવેલ ગુણ (૧૦૦/૮૦/૬૮/૩૨/૨૪) | GSHSEB બોર્ડ મુજબ ૭૦ ગુણમાં રૂપાંતરિત કરતાં મળવાપાત્ર ગુણ | ધોરણ-૧૨ માટે ૫૦ ગુણનું મૂલ્યાંકન |
|---|---|---|---|---|---|---|
| ૧ | અંગ્રેજી (૦૧૩) | જૂથ-૦૧ | અંગ્રેજી (૨૦૨) | ૫૦/૧૦૦ | ૫૦*૭૦/૧૦૦=૩૫ | ૩૫*૫૦/૭૦=૨૫ |
| ૨ | ગુજરાતી (૦૦૧) | જૂથ-૦૨ | હિન્દી (૨૦૧) | ૫૭/૧૦૦ | ૫૭*૭૦/૧૦૦=૩૯.૯૦ | ૩૯.૯૦*૫૦/૭૦=૨૮.૫૦ ને પૂર્ણાંકમાં ફેરવતાં ૨૯ ગુણ |
| ૩ | મનોવિજ્ઞાન (૧૪૧) | જૂથ-૦૩ | સામાજિક વિજ્ઞાન (૨૧૩) અને અંગ્રેજી (૨૦૨) ના સરેરાશ ગુણ | સામાજિક વિજ્ઞાન (૨૧૩) માં મેળવેલ ગુણ ૩૩/૧૦૦ અને અંગ્રેજી (૨૦૨) માં મેળવેલ ગુણ ૫૦/૧૦૦ | સામાજિક વિજ્ઞાનમાં ૩૩*૭૦/૧૦૦ =૨૩.૧૦ અને અંગ્રેજીમાં ૫૦*૭૦/૧૦૦ =૩૫ ઉક્ત બંને વિષયની સરેરાશ ૨૩.૧૦+૩૫ =૫૮.૧૦/૨ =૨૯.૦૫ | ૨૯.૦૫*૫૦/૭૦=૨૦.૭૫ ને પૂર્ણાંકમાં ફેરવતાં ૨૧ ગુણ |
| ૪ | સંસ્કૃત (૧૨૯) | જૂથ-૦૩ | | | | |
| ૫ | ઈતિહાસ (૦૨૯) | જૂથ-૦૪ | સામાજિક વિજ્ઞાન (૨૧૩), હોમ સાયન્સ (૨૧૬) અને હિન્દી (૨૦૧) ના સરેરાશ ગુણ | સામાજિક વિજ્ઞાન (૨૧૩) માં મેળવેલ ગુણ ૩૩/૧૦૦, હોમ સાયન્સ (૨૧૬) માં મેળવેલ ગુણ ૨૯/૮૫ અને હિન્દી (૨૦૧) માં મેળવેલ ગુણ ૫૭/૧૦૦ | સામાજિક વિજ્ઞાનમાં ૩૩*૭૦/૧૦૦ =૨૩.૧૦ અને હોમ સાયન્સ માં ૨૯*૭૦/૮૫ =૨૩.૮૮ અને હિન્દીમાં ૫૭*૭૦/૧૦૦ =૩૯.૯૦ ઉક્ત ત્રણે વિષયની સરેરાશ ૨૩.૧૦+૨૩.૮૮+૩૯.૯૦ =૮૬.૮૮/3 =૨૮.૯૬ | ૨૮.૯૬*૫૦/૭૦=૨૦.૬૮ ને પૂર્ણાંકમાં ફેરવતાં ૨૧ ગુણ |
| ૬ | સમાજશાસ્ત્ર (૧૩૯) | જૂથ-૦૪ | | | | |
| ૭ | તત્વજ્ઞાન (૧૩૬) | જૂથ-૦૪ | | | | |

## [F] ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના રીપીટર વિદ્યાર્થી માટે :-

- ધોરણ-૧૦ ના રીપીટર વિદ્યાર્થીઓ જયારે પ્રથમવાર પરીક્ષા આપી હોય ત્યારે બોર્ડની પરીક્ષા ૭૦ ગુણની યોજાયેલ છે અને વિદ્યાર્થી નાપાસ થયેલ છે.
- આવા વિદ્યાર્થી રીપીટર ઉમેદવાર તરીકે પરીક્ષા આપે ત્યારે બોર્ડ દ્વારા ૧૦૦ ગુણની પરીક્ષા યોજવામાં આવે છે.
- આવા વિદ્યાર્થીના ધોરણ-૧૦ ના કેટલાક વિષયોમાં ૧૦૦ ગુણમાંથી અને ૭૦ ગુણમાંથી મૂલ્યાંકન થયેલ હોય છે જેથી વિદ્યાર્થીના વિષયોના ગુણને ૭૦ ગુણમાં રૂપાંતરિત કરવાના રહે.

<u>૭૦ ગુણની પરીક્ષાનું ગુણપત્રક :-</u>

*has acquired following grade in the Secondary School Certificate Examination*

| MONTH & YEAR OF THE EXAM | SEAT NO. | CENTRE NUMBER | SCHOOL INDEX NO. | SR. NO. OF STATEMENT |
|---|---|---|---|---|
| MARCH-2017 | C9139962 | 840 | 84. 042 | 0938718 |

| NAME OF THE SUBJECT WITH CODE NO. | MARKS OBTAINED IN EXTERNAL BOARD EXAM OUT OF 70 | MARKS OBTAINED IN INTERNAL SCHOOL EVALUATION OUT OF 30 | SUBJECT WISE GRAND TOTAL OUT OF 100 | MARKS OBTAINED IN WORDS | SUBJECT WISE GRADE |
|---|---|---|---|---|---|
| 01 GUJARATI FL | 18 | 25 | 043 | FOUR THREE | -- |
| 10 SOCIAL SCIENCE | 14 | 24 | 038 | THREE EIGHT | -- |
| 11 SCIENCE & TECHNO | 26 | 22 | 048 | FOUR EIGHT | C2 |
| 12 MATHEMATICS | 27 | 23 | 050 | FIVE ZERO | C2 |
| 16 ENGLISH SL | 09 | 23 | 032 | THREE TWO | E1 |
| 17 SANSKRIT SL | 24 | 25 | 049 | FOUR NINE | C2 |
| | | Total: | 260 | | |
| GRAND TOTAL OF MARKS OBTAINED | TWO HUNDRED SIXTY | | | | |

<u>ઉપરનું ગુણપત્રક જોતાં ઉમેદવાર ગુજરાતી, સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજીમાં નાપાસ છે. જેથી ઉમેદવારે માર્ચ-૨૦૧૯ માં રીપીટર તરીકે બોર્ડ દ્વારા યોજાયેલ ૧૦૦ ગુણની પરીક્ષા આપેલ છે.</u>

<u>૧૦૦ ગુણની પરીક્ષાનું ગુણપત્રક :-</u>

| MONTH & YEAR OF THE EXAM. | SEAT NO. | CENTRE NUMBER | SCHOOL INDEX NO. | SR. NO. OF STATEMENT |
|---|---|---|---|---|
| MARCH-2019 | C6148656 | 840 | 84. 042 | 1044637 |

| NAME OF THE SUBJECT WITH CODE NO. | TOTAL MARKS | MARKS OBTAINED + CONDONED | = TOTAL | MARKS OBTAINED IN WORDS | SUBJECT WISE GRADE |
|---|---|---|---|---|---|
| 01 GUJARATI FL | 100 | 023*10 | 023*10 | TWO THREE | D |
| 10 SOCIAL SCIENCE | 100 | 044 | 044 | FOUR FOUR | C2 |
| 11 SCIENCE & TECHNO. | 000 | XO | XO | EXEMPTION | XO |
| 12 MATHEMATICS | 000 | XO | XO | EXEMPTION | XO |
| 16 ENGLISH SL | 100 | 030*3 | 030*3 | THREE ZERO | D |
| 17 SANSKRIT SL | 000 | XO | XO | EXEMPTION | XO |
| | | Total | 097 | | |
| GRAND TOTAL OF MARKS OBTAINED | NINETY SEVEN | | | | |

<u>ઉમેદવારના ધોરણ-૧૦ ના ૭૦ ગુણ અને ૧૦૦ ગુણનું ધોરણ-૧૨ માટે ૫૦ ગુણમાં રૂપાંતર :-</u>

| ક્રમ | ધોરણ-૧૦ ના વિષયનું નામ અને કોડ | કુલ ગુણ | મેળવેલ ગુણ | GSHSEB બોર્ડ મુજબ ૭૦ ગુણમાં રૂપાંતરિત કરતાં મળવાપાત્ર ગુણ | ધોરણ-૧૨ માટે ૫૦ ગુણનું મૂલ્યાંકન |
|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાતી (પ્રથમ ભાષા) (૦૦૧) | ૧૦૦ | ૨૩+૧૦* | ૭૦*૨૩/૧૦૦ =૧૬.૧૦ | ૧૬.૧૦*૫૦/૭૦ =૧૧.૫૦ =૧૨ |
| ૨ | સામાજિક વિજ્ઞાન (૦૧૦) | ૧૦૦ | ૪૪ | ૭૦*૪૪/૧૦૦ =૩૦.૮૦ | ૩૦.૮૦*૫૦/૭૦ =૨૨ |
| ૩ | વિજ્ઞાન અને ટેકનોલોજી (૦૧૧) | ૭૦ | ૨૬ | ૨૬ | ૨૬*૫૦/૭૦ =૧૮.૫૭ =૧૯ |
| ૪ | ગણિત (૦૧૨) | ૭૦ | ૨૭ | ૨૭ | ૨૭*૫૦/૭૦ =૧૯.૨૮ =૧૯ |
| ૫ | અંગ્રેજી (બીજી ભાષા) (૦૧૬) | ૧૦૦ | ૩૦+૦૩* | ૭૦*૩૦/૧૦૦ =૨૧ | ૨૧*૫૦/૭૦ =૧૫ |
| ૬ | સંસ્કૃત (૦૧૭) | ૭૦ | ૨૪ | ૨૪ | ૨૪*૫૦/૭૦ =૧૭.૧૪ =૧૭ |

[G] ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ માંથી પ્રવાહ બદલીને ધોરણ-૧૨ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીના ધોરણ-૧૧ ના ગુણ ગણવાની રીત :-

| ક્રમ | ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના વિષયો | ધોરણ-૧૧ પ્રથમ સામાયિક કસોટી (૫૦ ગુણ) માંથી મેળવેલ ગુણ | ધોરણ-૧૧ દ્વિતીય સામાયિક કસોટી (૫૦ ગુણ) માંથી મેળવેલ ગુણ | ધોરણ-૧૨ માં પસંદ કરેલ વિષયો | શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન યોજાયેલ ધોરણ-૧૨ ની પ્રથમ સામાયિક કસોટી (૧૦૦ ગુણ) અને વર્ષ દરમિયાન યોજાયેલ વિષયવાર એકમ કસોટી (૨૫ ગુણ) એમ કુલ ૧૨૫ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે ગુણાંકન (૨૦%) (ક્રમ-C) | ધોરણ-૧૧ ના નિયમિત અભ્યાસ દરમિયાન યોજાયેલ ધોરણ-૧૧ ની પ્રથમ સામાયિક કસોટી (૫૦ ગુણ) અને દ્વિતીય સામાયિક કસોટી (૫૦ ગુણ) માંથી મેળવેલ કુલ ગુણના સરેરાશ ગુણના આધારે ગુણાંકન (૫૦%) (ક્રમ-B) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | અંગ્રેજી | ૩૦ | ૨૫ | અંગ્રેજી (૦૧૩) | ૨૨ | ૩૦+૨૫=૫૫/૨ =૨૭.૫૦/૨=૧૩.૭૫ =૧૪ |
| ૨ | સંસ્કૃત | ૨૫ | ૩૮ | ગુજરાતી (૦૦૧) | ૧૮ → | ૧૮ |
| ૩ | ગણિત | ૪૦ | ૩૮ | સંસ્કૃત (૧૨૯) | ૧૨ → | ૧૨ |
| ૪ | રસાયણ વિજ્ઞાન | ૩૨ | ૨૬ | મનોવિજ્ઞાન (૧૪૧) | ૧૫ → | ૧૫ |
| ૫ | ભૌતિક વિજ્ઞાન | ૨૭ | ૧૮ | ભૂગોળ (૧૪૮) | ૨૦ → | ૨૦ |
| ૬ | જીવવિજ્ઞાન | ૨૦ | ૨૩ | સમાજશાસ્ત્ર (૧૩૯) | ૧૪ → | ૧૪ |
| ૭ | -- | -- | -- | ઈતિહાસ (૦૨૯) | ૧૧ → | ૧૧ |

- ધોરણ-૧૨ માં અંગ્રેજી વિષય માટે વિદ્યાર્થીના ધોરણ-૧૧ ના અંગ્રેજી વિષયના ગુણનું મૂલ્યાંકન કરીને લેવામાં આવેલ છે.

- ધોરણ-૧૨ માં બાકીના વિષયો ધોરણ-૧૧ ના વિષયો સાથે અનુબંધ ધરાવતા નથી તેથી ઉપરના કોષ્ટક મુજબ ધોરણ-૧૨ માટે થયેલ વિષયના મૂલ્યાંકનમાંથી (૧૨૫ ગુણમાંથી) મેળવેલ ગુણને (કોલમ-૬ મુજબના) ધોરણ-૧૧ ના જે તે વિષયના ગુણ તરીકે ગણવાના રહેશે.

## મહત્વની સુચનાઓ :-

- કેટલાક વિદેશમાંથી અભ્યાસ કરીને આવેલા વિદ્યાર્થીઓના ધોરણ-૧૦ ના ગુણપત્રકમાં ફક્ત ગ્રેડ દર્શાવેલ હોય છે. આવા કિસ્સામાં ગુણપત્રકની પાછળના ભાગે જે તે ગ્રેડ માટે ગુણની સીમા દર્શાવેલ હોય છે. તે સીમામાં દર્શાવેલ મહત્તમ અને લઘુત્તમ ગુણના સરેરાશને ગુણ તરીકે ધ્યાને લેવાના રહેશે. [દા.ત. B2 ગ્રેડ માટે ગુણની સીમા ૬૧ થી ૭૦ છે. જેથી તેની સરાસરી (૬૧+૭૦=૧૩૧/૨=૬૫.૫૦) ૬૫.૫૦ ગુણ ધ્યાને લેવાના રહેશે.]
- મૂક-બધિર વિદ્યાર્થીઓના કિસ્સામાં ધોરણ-૧૦ માં એક જ ભાષા પસંદ કરવાની છુટ હોય છે. જેથી આવા વિદ્યાર્થીઓ દ્વારા એક જ ભાષા પસંદ કરેલી હોય છે. આવા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે ઉક્ત એક જ ભાષાને ધોરણ-૧૨ ના પરિણામમાં જ્યાં જ્યાં ભાષાના ગુણની જરૂરિયાત છે ત્યાં ત્યાં આજ ભાષાના ગુણની ગણતરી કરવાની રહેશે.
- NIOS ના ગુણપત્રકમાં પણ કેટલાક કિસ્સાઓમાં એક જ ભાષા લઈને ઉમેદવારને પાસ જાહેર કરેલ છે. આવા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે ઉક્ત એક જ ભાષાને ધોરણ-૧૨ ના પરિણામમાં જ્યાં જ્યાં ભાષાના ગુણની જરૂરિયાત છે ત્યાં ત્યાં આજ ભાષાના ગુણની ગણતરી કરવાની રહેશે.
- CBSE બોર્ડમાં પણ ધોરણ-૧૦ માં ત્રીજી ભાષા ન હોય તેવા કિસ્સામાં પ્રથમ ભાષા તરીકે અંગ્રેજી અને ગુજરાતી / હિન્દી જેવી ભાષાને બીજી ભાષા અને ત્રીજી ભાષા તરીકે ધ્યાને લઈને ગુણાંકન કરવાનું રહેશે.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.